# ધર્મ, ભક્તિ અને ઉત્સવોથી ધબકતું દાવોલ : આસ્થા, સંસ્કાર અને સમરસતાનું જીવંત ધામ










**વર્ષો જૂની આસ્થા અને પરંપરાએ દાવોલને ધાર્મિક રીતે આગવી ઓળખ અપાવી છે**

આણંદ જિલ્લાના દાવોલ ગામે વિકાસની સાથે સાથે પોતાની સમૃદ્ધ ધાર્મિક પરંપરા અને સાંસ્કૃતિક વારસાને પણ જીવંત રાખ્યો છે. ગામમાં આવેલાં વિવિધ દેવી-દેવતાઓનાં મંદિરો માત્ર પૂજા-અર્ચનાનાં સ્થાન નથી, પરંતુ ગામની એકતા, સમરસતા અને સંસ્કૃતિનાં મજબૂત કેન્દ્રો તરીકે ઓળખાય છે. વર્ષો જૂની આસ્થા અને પરંપરાએ દાવોલને ધાર્મિક રીતે આગવી ઓળખ અપાવી છે. ગામના મુખ્ય ધાર્મિક સ્થળોમાં શ્રી સતકૈવલ મંદિર ગામજનોની અડગ શ્રદ્ધાનું કેન્દ્ર છે, જ્યાં ધાર્મિક કાર્યક્રમો અને સત્સંગનું નિયમિત આયોજન થાય છે. અંબાજી માતાજી મંદિર શક્તિ અને રક્ષણનું પ્રતીક માનવામાં આવે છે, જ્યારે સિદ્ધનાથ મહાદેવ અને કામનાથ મહાદેવ મંદિરો શિવભક્તો માટે વિશેષ આસ્થાના ધામ છે. મહાલક્ષ્મી માતાનું મંદિર પણ ગામની સમૃદ્ધિ અને લોકઆસ્થાનું મહત્વનું કેન્દ્ર છે. તમામ મંદિરોમાં નિયમિત આરતી, પૂજા-અર્ચના તેમજ વિવિધ ધાર્મિક તિથિઓએ વિશેષ કાર્યક્રમો યોજાતા હોવાથી વર્ષભર ભક્તિમય વાતાવરણ સર્જાય છે. દાવોલ ગામમાં ધાર્મિક ઉત્સવો પણ એટલી જ ભવ્યતા અને ઉત્સાહથી ઉજવાય છે. દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ, રક્ષાબંધન, શીતળા સાતમ, જન્માષ્ટમી, રામદેવપીર પાટોત્સવ, લાભપાંચમ, નવરાત્રી મહોત્સવ અને ગણેશોત્સવ જેવા પ્રસંગોએ સમગ્ર ગામ ઉત્સવના રંગે રંગાઈ જાય છે. નવરાત્રી દરમિયાન ગરબા-રાસ, ગણેશોત્સવમાં ભવ્ય સ્થાપના અને વિસર્જન તેમજ મેળાઓમાં ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમો ગામના સામૂહિક જીવનને વધુ સમૃદ્ધ બનાવે છે. ધર્મ, ભક્તિ અને પરંપરાનો સુમેળ જાળવી રાખતું દાવોલ ગામ નવી પેઢીને પણ સંસ્કાર, શ્રદ્ધા અને સામૂહિક એકતાનો વારસો આપી રહ્યું છે. મંદિરો અને ઉત્સવો દ્વારા ગામમાં સામાજિક સમરસતા મજબૂત બનતી રહે છે. આ જ વિશેષતાઓના કારણે દાવોલ આજે માત્ર એક ગામ નહીં, પરંતુ આસ્થા, સંસ્કૃતિ અને એકતાનું જીવંત પ્રતીક બની સમગ્ર વિસ્તાર માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે.

## લોકપ્રતિનિધિઓની જવાબદારીથી દાવોલ જનસુખાકારી ક્ષેત્રે અવ્વલ નંબરનું ગામ છે



દાવોલ ગામ છેલ્લા કેટલાક વર્ષોથી સતત વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. ગામના લોકપ્રતિનિધિઓ આગોતરા આયોજન સાથે સક્રિય રીતે પોતાની જવાબદારીઓ નિભાવી રહ્યા હોવાથી ગ્રામજનોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ સમયસર ઉપલબ્ધ બની રહી છે. ગ્રામ પંચાયત દ્વારા ગામના સર્વાંગી વિકાસ માટે વિવિધ સરકારી યોજનાઓનો અસરકારક રીતે લાભ લેવામાં આવી રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓની દૃઢ ઈચ્છાશક્તિ, સુચારુ આયોજન અને સતત પ્રયાસોના પરિણામે ગામમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું છે. ગામમાં આર.સી.સી. રોડ, આંતરિક રસ્તાઓ તેમજ ખુલ્લા ચોગાનમાં બ્લોક પાથરવાની કામગીરી કરવામાં આવી છે, જેના કારણે આવન-જાવન વધુ સરળ અને સુવિધાજનક બન્યું છે. વોટર વર્ક્સની સુવ્યવસ્થિત વ્યવસ્થાને કારણે ગ્રામજનોને પીવાના શુદ્ધ પાણીની પૂરતી સુવિધા ઉપલબ્ધ છે. સાથે જ વીજળીની સુવિધા પણ નિયમિત રીતે મળી રહે છે. ગ્રામજનો સ્વચ્છતા પ્રત્યે ખૂબ જ જાગૃત છે અને ગામને સ્વચ્છ તથા સુંદર રાખવા માટે સૌ પોતપોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે છે. ગામની ભાગોળે આવેલ વિશાળ ખુલ્લા મેદાન અને ઘટાદાર વૃક્ષોની છાયામાં ગ્રામજનો નિયમિત રીતે મળીને હળવાશની પળો માણે છે. દાવોલ ગામમાં અંદાજે ૭૦૦થી વધુ ઘરો આવેલા છે. ઉપરાંત ગામમાં સુવ્યવસ્થિત બજાર હોવાથી દૈનિક જીવનજરૂરિયાતની લગભગ તમામ વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ થઈ રહે છે. ગામને સિંચાઈની પૂરતી સુવિધા મળતી હોવાથી ખેડૂતો વર્ષમાં ત્રણ પાક લઈ શકે છે. પરિણામે ખેતી ગામનો મુખ્ય આધારરૂપ વ્યવસાય બની રહી છે અને ખેડૂતોની આવકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

### જનપ્રતિનિધિઓ


**પૂર્વ ધારાસભ્ય** ઉમેદસિંહ ગોહેલ
**પૂર્વ વિપક્ષ નેતા** પ્રતાપસિંહ ગોહેલ
**પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય** રોહીણીબેન ગોહેલ
**જીલ્લા પંચાયત સભ્ય** જયદીપસિંહ ગોહેલ
**વર્તમાન સરપંચ** લલિતાબેન રમેશભાઈ ગોહેલ
**વર્તમાન ઉપસરપંચ** ઈલાબેન હિતેશભાઈ ચાવડા
**તાલુકા પંચાયત ઉપપ્રમુખ** દક્ષાબેન ગોહેલ

## સાડા છ દાયકાથી સહકારની સુગંધ ફેલાવતી દાવોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી પશુપાલકોની આર્થિક સમૃદ્ધિનું મજબૂત કેન્દ્ર




**દુધ મંડળીમાંરેવાબેન ગોહેલ ચેરમેન અને સવિતાબેન ચાવડા વાઈસ ચેરમેન તરીકે વહિવટ સંભાળે છે**

દાવોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી આજે આણંદ જિલ્લામાં પ્રથમ હરોળની દૂધ ઉત્પાદક સંસ્થાઓમાં આગવું સ્થાન ધરાવે છે. ગામના ખેડૂતો અને પશુપાલકો માટે આ મંડળી આર્થિક સશક્તિકરણનું મજબૂત કેન્દ્ર બની રહી છે. ખેતી અને પશુપાલનને જીવનનો આધાર બનાવનાર દાવોલ ગામે સહકારી ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. ગામના અનેક પરિવારો માટે પશુપાલન આવક અને સ્વરોજગારનું મુખ્ય સાધન બન્યું છે. પશુપાલકોના સતત પરિશ્રમ અને મંડળીના સુવ્યવસ્થિત સંચાલનના પરિણામે આજે મંડળી સાથે પંદરસો થી વધુ સભાસદો જોડાયેલા છે, જેમાંથી આશરે એક હજાર જેટલા સભાસદો નિયમિત રીતે દૂધ ભરી રહ્યા છે. સવાર અને સાંજ એમ બંને સમયે મળીને દરરોજ અંદાજે ૪૮૦૦ લીટર દૂધ મંડળી ખાતે એકત્રિત થાય છે, જે ગામની દૂધ ઉત્પાદન ક્ષમતાનું પ્રતિબિંબ છે. મંડળીની વ્યવસ્થાપક કમિટીના માર્ગદર્શન હેઠળ પારદર્શક, સુચારુ અને સભાસદલક્ષી વહીવટ કરવામાં આવી રહ્યો છે. સભાસદોના હિતને સર્વોપરી સ્થાન આપતી કામગીરીને કારણે મંડળી પ્રત્યે ગામલોકોમાં વિશ્વાસ અને આત્મીયતા સતત વધી રહી છે. ઉત્કૃષ્ટ કામગીરી અને ગુણવત્તાસભર સંચાલન બદલ મંડળીને ખેડા જિલ્લા દૂધ સંઘ - અમૂલ તરફથી ISO 9001:2015 ધોરણ અંતર્ગત પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત થવો દાવોલ ગામ માટે ગૌરવની બાબત બની છે. સહકાર, પારદર્શિતા અને મહેનતના સુમેળથી દાવોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગામના પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ સંસ્થા માત્ર દૂધ એકત્રિત કરતી મંડળી નથી, પરંતુ ગ્રામ વિકાસ, સ્વરોજગાર અને આર્થિક સશક્તિકરણનું જીવંત પ્રતિક બની દાવોલના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. દાવોલ ગામે સહકારી ક્ષેત્રમાં એક ઐતિહાસિક અને પ્રેરણાદાયક પગલું ભર્યું છે. ગામની દૂધ મંડળીમાં પ્રથમ વખત નારીશક્તિને નેતૃત્વ સોંપવામાં આવ્યું છે. ગામના સભાસદો અને સહકારીઓએ સર્વસંમતિથી રેવાબેન ગોહેલને ચેરમેન અને સવિતાબેન ચાવડાને વાઈસ ચેરમેન તરીકે પસંદ કરી નારીશક્તિને સન્માન આપ્યું છે.



## દાવોલનું જનજાગૃતિ ફાઉન્ડેશન નિઃસ્વાર્થ સમાજસેવાનું પ્રેરણાદાયી કેન્દ્ર બન્યું છે




**જનજાગૃતિ ફાઉન્ડેશનની સેવાકીય પ્રવૃત્તિઓને દાવોલ ગામ સહિત આસપાસના વિસ્તારોમાંથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે**

દાવોલ ગામ પોતાની ધાર્મિક, સાંસ્કૃતિક અને સેવાભાવી પરંપરા માટે સમગ્ર પંથકમાં આગવી ઓળખ ધરાવે છે. વર્ષોથી ગામમાં સંસ્કાર, ભક્તિ અને પરોપકારની ભાવના વિકસતી રહી છે. આ જ મૂલ્યોને આગળ વધારવાના હેતુથી ગામના સેવાભાવી યુવાનોના સહયોગથી જનજાગૃતિ ફાઉન્ડેશન, દાવોલની સ્થાપના કરવામાં આવી છે, જે આજે નિઃસ્વાર્થ સમાજસેવાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે.

જનજાગૃતિ ફાઉન્ડેશન કોઈપણ જાતિ, સમાજ કે ધર્મના ભેદભાવ વિના જરૂરિયાતમંદ લોકો સુધી મદદ પહોંચાડવાનું પવિત્ર કાર્ય કરી રહ્યું છે. ખાસ કરીને વયોવૃદ્ધ, નિરાધાર અને આર્થિક રીતે નબળા પરિવારોને તેમના ઘેર સુધી રાશન સહિતની આવશ્યક જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત જીવદયાની ભાવનાને કેન્દ્રમાં રાખીને નિરાધાર અને ઈજાગ્રસ્ત પ્રાણીઓની સેવા તેમજ જરૂરિયાતમંદ લોકોને શોધી-ખોળીને પોતાના સ્વખર્ચે સહાય પૂરી પાડવાનું કાર્ય પણ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ફાઉન્ડેશનના યુવાનોનો ઉદ્દેશ માત્ર સહાય પહોંચાડવાનો નથી, પરંતુ સમાજમાં માનવતા, સદભાવ અને પરસ્પર સહકારની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો છે. ‘સેવા એ જ સાચી સાધના’ના સિદ્ધાંતને આત્મસાત કરીને યુવાનો અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. જનજાગૃતિ ફાઉન્ડેશનની સેવાકીય પ્રવૃત્તિઓને દાવોલ ગામ સહિત આસપાસના વિસ્તારોમાંથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અનેક દાતાશ્રીઓ અને સેવાભાવી લોકો આ અભિયાન સાથે જોડાઈ સમાજહિતના વિવિધ કાર્યોમાં પોતાનો અમૂલ્ય ફાળો આપી રહ્યા છે.આધ્યાત્મિક સંસ્કારો જ્યારે સેવાભાવ સાથે જોડાય છે ત્યારે સમાજમાં માનવતાની નવી દિશા સર્જાય છે. દાવોલનું જનજાગૃતિ ફાઉન્ડેશન આ જ વિચારને જીવંત રાખી સેવા, સંવેદના અને સમર્પણનો દીપ પ્રગટાવી રહ્યું છે. નિઃસ્વાર્થ સેવા અને કરુણાભાવના આ પ્રયાસો સમાજ માટે પ્રેરણાદાયી બની અન્ય યુવાનોને પણ સેવાકીય કાર્યો તરફ આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે.

## શિક્ષણ ક્ષેત્રે દાવોલ ગામ સંપૂર્ણ સ્વાવલંબી, પ્રાથમિકથી માંડીને ઉચ્ચ માધ્યમિક સુધીની સુવિધાઓ ઉપલબ્ધ

દાવોલ ગામ શિક્ષણ ક્ષેત્રે સતત પ્રગતિ કરી સ્વાવલંબી ગામ તરીકે આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે. ગામમાં બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ પોતાના ગામમાં જ મળી રહે તે માટે પાયાના શિક્ષણથી લઈને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સુધીની તમામ જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.નાના ભૂલકાઓના સર્વાંગી વિકાસ અને પ્રાથમિક શિક્ષણના મજબૂત પાયાના હેતુથી ગામમાં કુલ સાત આંગણવાડીઓ કાર્યરત છે. ઉપરાંત સરકારી કુમાર અને કન્યા શાળાઓમાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે સંસ્કારલક્ષી શિક્ષણ પણ આપવામાં આવે છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક અભ્યાસ માટે ગામમાં હાઈસ્કૂલની સુવિધા ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે બહાર જવાની જરૂર પડતી નથી. ગામમાં શ્રી દાવોલ બોદાલ જનપદ કેળવણી મંડળ પણ સક્રિય રીતે કાર્યરત છે. સરકારી તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ આધુનિક સુવિધાઓ, ગુણવત્તાસભર શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપી શિક્ષણનું ઉત્તમ વાતાવરણ પૂરું પાડી રહી છે. પરિણામે દાવોલ ગામ શિક્ષણ ક્ષેત્રે આસપાસના વિસ્તાર માટે પ્રેરણારૂપ બની રહ્યું છે. દાવોલ ગામમાં ગ્રામ્ય સ્તરે જ પ્રાથમિક શિક્ષણ મળી શકે તે માટે સ્થાનિક શિક્ષણ પ્રેમી આગેવાનોએ શાળાની શરૂઆત થાય તે પ્રયત્ન કર્યા હતા. સરકારી પ્રાથમિક શાળા. વર્તમાન સમયમાં શાળાના આચાર્ય સહિત શૈક્ષણિક કર્મચારીઓ શૈક્ષણિક કાર્ય સહિત શાળા સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે કાર્યરત છે.



(માહિતિ સંકલન : ભરતસિંહ સોલંકી)